GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

# શ્રીમદ્ ભગવદ્ ગીતા અને સાંપ્રત

## તેરૈયા જીતેન્દ્ર જેશંકરભાઈ, ડો. જે.આર તેરૈયા

**શોધછાત્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી**
**માર્ગદર્શક, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી**

## • પ્રસ્તાવના

ગાંધીજી એ લખ્યું છે કે જયારે હું ઘોર અંધકારમાં એકલા થઈ જાવ છું અને મારું જીવન દુ:ખથી ભરાય જાય છે. ત્યારે હું ભગવદ્ગીતાનો જ આધાર લઉં છું. પછી મને દુ:ખનો પ્રભાવ પણ પડતો નથી. એનું એક માત્ર કારણ શ્રીમદ્ ભગવદ્ગીતા જ છે.[1] શ્રીમદ્ ભગવદ્ગીતા એ દુનિયાના સૌથી અલૌકિક ગ્રન્થ મનાય છે. આ ગ્રંથમાં બધા જ પ્રકારની સમસ્યાનું નિવારણ છે. આ ગ્રન્થ ઉપર ઘણાં બધાં વિદ્વાનોએ ઘણી બધી ભાષામાં ભાષ્ય લખ્યું છે. વિશ્વની લગભગ બધી જ ભાષાઓમાં એનો અનુવાદ થયેલ છે. બધા ધર્મ અને આશ્રમો માટે એકમાત્ર ઉપયોગી ગ્રન્થ ભગવદ્ગીતા જ છે. ગીતાની ગણનાં પ્રસ્થાનત્રયીમાં થઈ છે. જેમાં ઉપનિષદ અને બ્રહ્મસૂત્રનો પણ સમાવેશ થાય છે. ગીતા વિશે કહેવાયુ છે કે-

गीता सुगीता कर्तव्याकिमन्यैः शास्त्रविस्तरैः।
या स्वयं पद्मनामस्य मुखयद्मा द्विनिः सृताः॥[2]

અર્થાત્ ગીતા સુગીતા કરવાને યોગ્ય છે. જે પદ્મનાભ ભગવાન શ્રીકૃષ્ણનાં મુખારવિંદમાંથી નીકળી છે. પછી અન્ય શાસ્ત્રના વિસ્તારથી શું પ્રયોજન છે.

## • શ્રીમદ્ ભગવદ્ગીતાનો અર્થ :

શ્રીમદ્ ભગવદ્ગીતા એ એક સામાસિક પદ છે. જેમાં ત્રણ પદ છે. શ્રીમદ્, ભગવત્ એવં ગીતા. **શ્રી=** અર્થાત્ શ્રી થી યુક્ત, **મદ્ =**મુખમાંથી નીકળેલ, **ભગવદ્** = ભગ અર્થાત્ ભગવાન દ્વારા વદ્ અર્થાત્ બોલેલ, શ્રી કૃષ્ણ પાસે છ પ્રકારનાં ભગ છે. એશ્વર્ય, ધર્મ, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય, આથી તેને ‘ભગવાન’ કહેવાય છે. **ગીતા** અર્થાત્ ગાયેલ, અર્થાત્ શ્રિથી યુકત ભગવાનનાં મુખમાંથી ગાયેલ એટલે શ્રીમદ્ ભગવદ્ ગીતા.

## • શ્રીમદ્ ભગવદ્ગીતાનો પરિચય-

ભગવદ્ ગીતા ભારત વર્ષનાં આધ્યાત્મિક ખજાનાનાં સૌથી મૂલ્યવાન રત્ન તરીકે વિશ્વમાં પ્રખ્યાત છે. ભગવાન શ્રીકૃષ્ણએ આ યુગના આરંભ સમયે લગભગ 5000 વર્ષ પહેલાં ભગવદ્ ગીતા કહી હતી. ધર્મગ્રંથનાં અનુસાર માર્ગશીર્ષ માસનાં શુક્લપક્ષની એકાદશી તિથિમાં શ્રીકૃષ્ણએ કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુનને ગીતાનો ઉપદેશ આપ્યો હતો. આથી આ તિથિને ‘ગીતાજયંતીનાં’ દિવસ તરીકે મનાય છે. મહાભારતનાં ભીષ્મપર્વના અધ્યાય 23 થી અધ્યાય 40 સુધીમાં ભગવદ્ગીતાનું વર્ણન છે. તેનાં સંકલનકર્તા મહર્ષિ વેદવ્યાસ છે. અને એમાં 700 શ્લોકો છે. ગીતાનાં આ સાતસો શ્લોકો કુલ ચાર વ્યક્તિઓ દ્વારા બોલાયેલ અને સાંભળેલ છે. જેમાં ધુતરાષ્ટ્ર 1 શ્લોક, સંજય 42, અર્જુન 84, અને શ્રીકૃષ્ણ 573 શ્લોકો બોલે છે. માત્ર 45 મિનિટમાં જ ભગવાને આ જ્ઞાન અર્જુનને આપ્યુ હતું. શ્રીકૃષ્ણ આ ભૂમિ પર બ્રહ્માના એક દિવસ અર્થાત્

https://www.gapbhasha.org/

[1] ભગિરથ દીક્ષિત ભગવદ્ગીતા એક નયા અધ્યાય પ્રથમ સંસ્કરણ 1987 ભારત પ્રિંટિગપ્રેશ શહદરા દિલ્લી, પૃ.-૨

[2] મહાભારત ભીષ્મપર્વ, અધ્યાય-43/3

૪,૬૦,૦૦, ૦૦૦ વર્ષો પછી અવતાર ગ્રહણ કરે છે. ભગવાન શ્રીકૃષ્ણએ લાખો વર્ષ પહેલાં સૂર્યદેવને ભગવદ્ ગીતા કહી હતી. સૂર્યદેવે મનુને અને મનુએ ઇશ્વાકુને આપી. પરિણામે લુપ્ત થતી ગઈ. માટે ભગવાનને ફરીથી અર્જુનને કહવી પડી. ધર્મક્ષેત્રનાં કુરૂક્ષેત્રમાં કૌરવો અને પાંડવો વચ્ચે અર્જુન પોતાના સ્વજનોને જોઇને યુધ્ધથી વિમુખ થવા લાગે છે. ત્યારે ભગવાન શ્રી કૃષ્ણે શોકમગ્ન અર્જુનને ગીતાનાં ઉપદેશ આપે છે. અને કહે છે કે-

कर्मकन्येवाधि कारस्ते मा फलेषु कदाचन
मा कर्मफलहेतुर्भू: मा ते सङ्गगोस्त्व कर्मणि॥[3]

અર્થાત્ હે અર્જુન! કર્મ કરવામાં તારો અધિકાર છે. ફળના વિષયમાં તું વિચારીશ નહિ. આથી તું કર્મના ફળોના હેતુ ના થઈશ. અને કર્મ ન કરવાના હેતુનો આગ્રહ પણ ના કર. અર્થાત્ અર્જુનનાં માધ્યમથી લોકોને શ્રીકૃષ્ણે કહે છે કે લોકો એ ફળની ઇચ્છા રાખવા વગર કર્મ કરવાં જોઈએ. ફળ આપવું અને ન આપવું એ તો પરમાત્માનાં હાથમાં છે. કારણ કે પરમાત્મા જ બધાનાં પાલનકર્તા છે.

ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्
म वम्मानुवर्त्तन्ते मनुष्या पार्थ सर्वशः॥[4]

અર્થાત્ હે અર્જુન! જે મનુષ્ય મને જે પ્રકારે ભજે છે અર્થાત્ જે ઈચ્છાથી મારું સ્મરણ કરે છે. તેને જ અનુરૂપ મે તેને ફળ આપું છું. બધા લોક બધા પ્રકારથી મારા જ માર્ગનું અનુસરણ કરે છે. અને શ્રીકૃષ્ણ કહે છે કે સંસારમાં જે મનુષ્ય જે વ્યવહાર બીજાનાં પ્રતિ કરે છે. બીજાં પણ તેવા જ પ્રકારનાં વ્યવહાર તેની સાથે કરે છે.

દા. ત. કંસે ભગવાનને મૃત્યુંનાં રુપમાં સ્મરણ કર્યો આથી ભગવાને તેને મૃત્યું આપ્યું.

આથી આપણે પણ ભગવાનને તેવી જ રીતે યાદ કરવાં જોઈએ. જેવી રીતે આપણે ભગવાનને પામવા ઇચ્છીએ.

## • વર્તમાનમાં શ્રીમદ્ ભગવદ્ગીતા

મહાભારત વર્તમાન કળિયુગ સુધીની ઘટનાનું નિરુપણ કરે છે. હિન્દુશાસ્ત્ર અને પુરાણોમાં ગીતાનું સર્વપ્રથમ સ્થાન છે. ગીતાનાં ઉપદેશને બધાએ સ્વીકાર કર્યો છે. ગીતામાં સંપૂર્ણ વેદોનો સાર નિહિત છે. માનવ ઇતિહાસનો સર્વશ્રેષ્ઠ દાર્શનિક તથા ધાર્મિક એવો આ સંવાદ ભગવાન અને અર્જુન વચ્ચે થયો છે. ગીતાનું જ્ઞાન આપણને સારી રીતે જીવતા શીખવે છે. વર્તમાન સમયમાં ગીતાના સ્લોક બધાથી વધારે ભણાય છે અને જીવનના બધી જ સમસ્યાને ગીતાથી જોડીને તેની વ્યાખ્યા કરી છે. શ્રીમદ્ ભગવદ્ગીતા વર્તમાનમાં આપણી બધી સમસ્યાનું સમાધાન પ્રસ્તૂત કરે છે. ગીતાના જ્ઞાનનું જેટલું મહત્વ પ્રાચીન કાળમાં હતું. તે આજનાં સમયમાં પણ છે. ગીતાનું સૌથી વધારે મહત્ત્વ એ છે કે ગીતાથી સંબધિત સામાન્ય મનુષ્યનાં સંદેહને અર્જુનનાં પ્રશ્નોનો માધ્યમથી દુર કરવાનો પ્રયાસ કર્યો છે. વર્તમાન યુગમાં મનુષ્ય પોતાનાં ધર્મથી ભ્રષ્ટ થઈ ગયો છે. આથી આવા વ્યક્તિને ગીતાથી જ રાહ બતાવીને સાચા મનુષ્ય બનાવી શકાય છે. ગીતામાં આ શક્તિ છે કે તે હારેલ અને નિરાશ વ્યકિતને સંપૂર્ણ બલ અને આશાની સાથે ઉભા કરી શકે છે. ગીતાને લઈને આજ-કાલ દેશ-વિદેશનાં તમામ વિશ્વવિદ્યાલયમાં શોધ થઇ રહી છે.

વર્તમાંનમાં હતાશ દુઃખી મનુષ્ય માટે પણ ગીતા એક અંધારામાં પ્રકાશની જેમ છે. વર્તમાનમાં ગીતા ભારતમાં જ નહિ વિદેશોમાં પણ પોતાનું ધ્યાન પોતાની તરફ આકર્ષિત કરે છે. ગીતાને સમજવા માટે કોઈ પણ લાયકાત જોતી નથી પણ તેનાં માટે શ્રીકૃષ્ણએ અર્જુનને કહ્યુ છે કે -

भक्तोऽसि मे सखा चेति रहस्यं हयेतत् उत्तमम्॥[5]

અર્થાત્ તું મારો ભક્ત છે. અને મિત્ર છે. તેથી આ ઉત્તમ રહસ્ય હું તમને જણાવું છું. નશો, માંસાહાર, ગેરકાયદેસર સ્ત્રી સબંધ, જુગાર વગેરે તરફ ગયેલા સ્ત્રી પુરુષ કુટેવો ત્યાગીને ગીતાના અંતિમ આદેશ ‘सर्वदर्मान परित्यज्य नाम एक मम

[3] गीता.२/४७
[4] गीता ४/११
[5] શ્રીમદ્ભગવદ્ગીતા 4/3

https://www.gapbhasha.org/

शरणं व्रज'[6] અનુસાર શ્રીકૃષ્ણના ચરણમાં પોતાનું જીવન અર્પણ કરી દીધું છે. આ ઉપરાંત ભગવદ્ગીતાને 'ગીતોઉપનિષદ્' તરીકે પણ સુપ્રસિદ્ધ છે. તે વૈદિક જ્ઞાનનાં સારરૂપ છે. જે મનુષ્ય હિંસા, તણાવ, આત્મહત્યા તરફ જાય છે તે મનુષ્યની આજ આંતરિક કમજોરીને દુર કરીને સશક્ત બનવાનું માધ્યમ ગીતા જ છે જ્યાં સુધી આ ધરતી પર માનવજીવનનું અસ્તિત્વ રહશે ત્યાં સુધી ભગવદ્ગીતાનું પણ અસ્તિત્વ રહશે. ભગવાને ગીતાનું જ્ઞાન કર્તવ્યથી ભટકેલ અર્જુનને શીખવવા માટે અને આવવાવાડી પેઢીને ધર્મ જ્ઞાન શીખવવા માટે છે. કોરોનાં સંક્રમણમાં ભય અને સુરક્ષાથી વિચલિત થયેલ મનને કલ્યાણમાં ગીતા જ મદદગાર રહી છે.

## • ઉપસંહાર-

ગીતાનાં મહામંત્ર આફતોમાંથી દુર કરવાવાળા છે. ગીતા આપણા અહંકારને દુર કરે છે. અને એમાં એવી આંતર શકિત ભરી દે છે. વ્યકિત પોતાનાં વાસ્તવિક રૂપને ઓળખવા લાગે છે. ગીતા માનસિક શાંતિ જાળવવા માટે બધાંથી સારો પ્રયાસ છે. જે વ્યકિત જીવનમાં તેને ઉતારે છે સઘર્ષમાં વિજયી બને છે. જે મનુષ્ય પ્રેમપૂર્વક નિષ્કામ ભાવથી ભક્તોને આ ગીતા ભણાવશે તે નિશ્ચિત રૂપથી મને પ્રાપ્ત કરશે અર્થાત્ પરમાત્માને પ્રાપ્ત કરશે. જે ગીતાને સાંભળશે તે બધા પાપોથી મુકત થઈ જશે. ગીતા સંપૂર્ણ માનવજાતિનાં ઉદ્ધાર માટે છે.

## • સહાયક સંદર્ભગ્રંથ સૂચિ

[1] શ્રીમદ્ભગવદ્ગીતા શ્લોકનો અર્થ સાથે, ગીતા પ્રેસ ગોરખપુર
[2] ભગવદ્ગીતા તેનાં મૂળ રૂપે, દ્વિતિય આવૃત્તિ, ભક્તિવેદાંત બુક ટ્રસ્ટ
[3] श्रीमद् भगवत गीता, भा-स्वामी सम्पूर्णानंद स्वामी, प्र.- धर्मेन्द्र कुमार, दिल्ली संस्कृत अकादमी, मुद्रक-डॉलफिन प्रिंटो ग्राफिक्स
[4] આત્મસાક્ષાત્કારનું વિજ્ઞાન, પ્રકાશક અને મુદ્રિત ભક્તિ વેદાન્ત બુક ટ્રસ્ટ
[5] ભગવદ્ ગીતા, સ્વામિ અપૂર્વાનંદ, રામકૃષ્ણ મઠ, નાગપુર

[6] શ્રીમદ્ભગવદ્ગીતા 18/66

https://www.gapbhasha.org/